# અહેવાલ

## "Student Sensitisation Program on SSIP 2.0"
## "Entrepreneurship & Innovation"

તારીખ: **17/08/2026**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**આયોજક: ISIICTL વિભાગ, BAOU**

**(ઇનોવેશન, સ્ટાર્ટ-અપ્સ, ઇન્ટર્નશિપ, ઇન્ક્યુબેશન, કોલેબોરેશન, ટેકનોલોજી અને લિંકેજીસ)**

**સ્થળ: અભ્યાસ કેન્દ્ર (0534), મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર**


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના પ્રેરણાદાયી માર્ગદર્શન અને ISIICTL વિભાગના ડિરેક્ટર પ્રો. (ડૉ.) મનોજ શાહના દિશાનિર્દેશ હેઠળ, તા. **17 ઓગસ્ટ, 2026**ના રોજ **અભ્યાસ કેન્દ્ર (0534), મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર, તા. કલોલ, જિ. ગાંધીનગર** ખાતે વિદ્યાર્થીઓ માટે **ઉદ્યોગસાહસિકતા અને ઇનોવેશન અંગે જાગૃતિ કાર્યક્રમ**નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત **ISIICTL વિભાગના પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમારે** વિદ્યાર્થીઓને **Innovation અને Entrepreneurship** અંગે માર્ગદર્શન આપતાં ગ્રામ્ય વિસ્તારની સ્થાનિક જરૂરિયાતો અને સમસ્યાઓને નવીન વિચારો દ્વારા વ્યવહારુ ઉકેલોમાં પરિવર્તિત કરવાની સાથે તેને રોજગાર તથા વ્યવસાયિક તકોમાં રૂપાંતરિત કરવાની સંભાવનાઓ સમજાવી હતી. આ સંદર્ભમાં તેમણે ખાસ કરીને **Rural Entrepreneurship અને Rural Business Opportunities** પર ભાર મૂકતાં ગ્રામ્ય વિસ્તારોમાં ઉપલબ્ધ સ્થાનિક સંસાધનો, કૌશલ્યો અને પરંપરાગત જ્ઞાનનો વ્યવસાયિક ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. કૃષિ આધારિત વ્યવસાય, પશુપાલન, ખાદ્યપ્રક્રિયા, ગ્રામ્ય ઉત્પાદનો, હસ્તકલા, સ્થાનિક સેવાઓ તથા મહિલા આધારિત વ્યવસાય જેવા ક્ષેત્રોમાં નવીન અભિગમ અપનાવી **સ્વરોજગાર, આવકના નવા સ્ત્રોત અને સ્થાનિક રોજગારી** ઊભી કરી શકાય તે અંગે વિવિધ ઉદાહરણો દ્વારા સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પોતાના ગામ અને આસપાસના વિસ્તારોમાં રહેલી સામાજિક તથા આર્થિક સમસ્યાઓનું અવલોકન કરી **Problem Identification, Idea Generation**

**અને Innovation** દ્વારા તેના વ્યવહારુ ઉકેલો શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ વિચારસરણીને ગ્રામ્ય મહિલા ઉત્થાન અને સશક્તિકરણ સાથે જોડતાં, મહિલાઓની કુશળતા તથા સ્થાનિક સંસાધનોના યોગ્ય ઉપયોગ દ્વારા નાના વ્યવસાયો, સ્વરોજગાર અને આવકના ટકાઉ સાધનો ઊભા કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.


કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને **વિવિધ સરકારી યોજનાઓ, કૌશલ્ય વિકાસ** અંગે માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને **SSIP 2.0** અંતર્ગત પોતાના **નવીન વિચારોને પ્રોજેક્ટ અને પ્રોટોટાઇપ**માં રૂપાંતરિત કરવા માટે ઉપલબ્ધ **માર્ગદર્શન, સહાય અને તકો** અંગે પણ સમજ આપવામાં આવી હતી. જેમાં **અમદાવાદ પ્રાદેશિક કેન્દ્રના પ્રાદેશિક નિયામક ડૉ. દીપ્તિબા ગોહિલ, સહાયક પ્રાદેશિક નિયામક શ્રીમતી સહિસ્તા મલેક** તથા અભ્યાસ કેન્દ્ર તરફથી **ઇન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રીમતી મંજુલાબેન પડવી અને ડૉ. રણજિત સોલંકી** ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ માહિતીપ્રદ, પ્રેરણાદાયી તથા વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને માર્ગદર્શક સાબિત થયો હતો.


## <u>ફોટોગ્રાફ</u>




GPS Map Camera
Google
Nardipur, Gujarat, India
8hh6+g5p, Gj Sh 217, Nardipur, Gujarat 382735, India
Lat 23.328774° Long 72.559422°
Monday, 17/08/2026 03:44 PM GMT +05:30


GPS Map Camera
Google
Nardipur, Gujarat, India
8hh6+g5p, Gj Sh 217, Nardipur, Gujarat 382735, India
Lat 23.328686° Long 72.559582°
Monday, 17/08/2026 04:09 PM GMT +05:30


GPS Map Camera
Nardipur, Gujarat, India
8hh6+g5p, Gj Sh 217, Nardipur, Gujarat 382735, India
Lat 23.328723° Long 72.559606°
Monday, 17/08/2026 03:48 PM GMT +05:30
Google


GPS Map Camera
Nardipur, Gujarat, India
8hh6+g5p, Gj Sh 217, Nardipur, Gujarat 382735, India
Lat 23.328885° Long 72.559672°
Monday, 17/08/2026 04:36 PM GMT +05:30
Google